| સમરી અરજી નંબર:–549 | વર્ષ:–2023 |
|---|---|

**GUVNL પોલીસ સ્ટેશન સે.ગુ.રજી.નં. 3992/2021 આંક–૦૧ અન્વયે હુકમ**

**૧.** આ કામે આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબ ગુન્હો કર્યાનો આરોપ છે.

**૨.** સદરહુ ધારાની કલમ–૧૫૨ જોવામાં આવે તો તેમાં ગુન્હા માંડવાળ કરવાની જોગવાઈ કાયદામાં કરવામાં આવેલ છે.

**૩.** હાલના કામમાં સાબરમતી જી.યુ.વી.એન.એલ પો.સ્ટે અમદાવાદના ગુન્હાના તપાસ કરનાર અધિકારીએ કંપાઉન્ડ ચાર્જ ભરી ગુન્હો માંડવાળ કરવાનો રીપોર્ટ કરવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રીના રિપોર્ટ મુજબ સદર કેસમાં કાયદાકિય જોગવાઈ મુજબ સમાધાન કરવામાં આવેલ છે. પક્ષકારો વચ્ચે જયારે કાયદાકિય જોગવાઈ મુજબ સમાધાન થઈ ગયેલ છે તેવા તબકકે આ કેસ આગળ ચલાવવા માટે કોઈ વાજબી કારણ જણાઈ આવતું ન હોઈ, આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: <u>હુ ક મ</u> :::**

ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ – ૧૫૨ અન્વયે સદરહું ધારાની કલમ – ૧૩૫ અન્વયેનો ગુન્હો માંડવાળ કરવાનો રીપોર્ટ રેકર્ડ કરવામાં આવે છે અને ભરેલ સમરી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૧૩મી માહે–મે સને–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :–૧૩/૦૫/૨૦૨૩
સ્થળ :–અમદાવાદ.

(કમલેશ એન. પ્રજાપતિ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(Code: GJ00886)